ગાંધીનગર સમાચાર

રાષ્ટ્રપતિના કાફલાનું હેલિકોપ્ટર ખોટકાતાં વાસણનો કાર્યક્રમ મોડો થયો

# શહેરમાં બીલ્લી પગે શિયાળાનું આગમન

## વહેલી સવારે અને રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાય છે : રાત્રે ઓઢવાની ફરજ પડે છે

ગાંધીનગર, તા. ૨૩

ધીમે ધીમે શિયાળો જામી રહ્યો છે. મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં છવાતી ઠંડક શિયાળાની આગમનની છડી પોકારી રહ્યું છે.

નવરાત્રી બાદથી વાતાવરણમાં ધીમે ધીમે ઠંડક છવાવવાનું શરૂ થયું હતુ. જો કે કોઈ દિવસ ઠંડક તો કોઈક દિવસ ગરમીનો અનુભવ થતો હતો. જો કે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં વહેલી સવારે અને મોડી સાંજે જે ઠંડક અનુભવાય છે તે શિયાળાના આગમનની છડી પોકારી રહ્યું છે. દિવસે દિવસે તાપમાન ઘટી રહ્યુ છે. ખાસ કરીને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. હજુ એક અઠવાડિયા અગાઉ ૨૨થી ૨૪ ડિગ્રીની વચ્ચે રહેતુ લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની નીચે આવી ગયું છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહ્યા બાદ આજે તે વધુ ઘટીને ૧૯.૫ ડિ.સે. રહ્યું હતું. સૂર્યાસ્ત પણ વહેલો થઈ જતાં છ વાગ્યાની આસપાસ તો અંધારૂ છવાવા લાગે છે. સાડા છ પોણા સાત વાગ્યાની આસપાસ એકદમ અંધારૂ થઈ જાય છે. તે સાથે જ ધીમે ધીમે વાતાવરણમાં ઠંડક છવાતી જાય છે. વહેલી સવારે તો એટલી બધી ઠંડી લાગવા માંડે છે કે ચાદર કે પાતળુ બ્લેન્કેટ ઓઢવું પડે છે. આગામી દિવસોમાં વધુ ઠંડી પડવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આજે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૯.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૮ ટકા અને સાંજે ૪૭ ટકા રહ્યું હતું.






તેજસ્વીતાનું સન્માન - પાટનગરના પાદરે વાસણ ખાતે બાપુ નૉલેજ વિલેજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ કર્યું ત્યારે વિદ્યાર્થીઓમાં આનંદ-ઉલ્લાસ છવાયો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન માટે સંસ્થાના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ રાષ્ટ્રપતિને નિમંત્રણ પાઠવી શિક્ષણનું અને વિદ્યાર્થીઓનું ગૌરવ વધાર્યું છે.... દેશના સર્વોચ્ચ પદે બિરાજમાન વ્યક્તિના હાથે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન થાય એ ગાંધીનગર માટે અને બાપુ નૉલેજ વિલેજ માટે ગૌરવશાળી ઘટના છે... રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ વિદ્યાર્થીઓને સંબોધન કરતા અર્થશાસ્ત્રના આંકડા સાથે રસપ્રદ અને માહિતીપ્રદ વાતો કરી હતી... આ પ્રસંગે રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, વિરોધપક્ષના નેતા અને સંસ્થાના ચેરમેન શ્રી શંકરસિંહ વાઘેલા તથા રાજ્યના જાહેર જીવનના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રપતિના કાફલાનું હેલિકોપ્ટર ખોટકાતાં વાસણનો કાર્યક્રમ મોડો થયો

## રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ મોટર માર્ગે આવ્યા શંકરસિંહ, ભરતસિંહ હોલિકોપ્ટરથી વાસણ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨૩

રાષ્ટ્રપતિ પ્રણવદાના કાફલા પૈકીનું એક હેલિકોપ્ટર ખોટકાતાં તેનું ફરજીયાત ઉતરાણ વડોદરા વિમાની મથકે કરાયું હતું. જેને લઈ બાપુ કોલેજ ખાતે યોજાયેલ કાર્યક્રમ નિયત સમય કરતાં બે કલાકથી પણ વધુ મોડો શરૂ થયો હતો.

જે હેલિકોપ્ટરમાં યાંત્રિક ક્ષતિ થઈ હતી તેમાં શંકરસિંહજી વાઘેલા, ભરતસિંહ સોલંકી અને ગુરૂદાસ કામત સહિતના નેતાઓ હતા.

રાષ્ટ્રપતિજી ગાંધીનગર હેલિપેડ પર ઉતર્યા હતા અને ત્યાંથી સીધા રાજભવન પહોંચ્યા હતા. જ્યારે વડોદરા ઉતરેલા વાઘેલા સહિતના નેતાઓ અન્ય હેલિકોપ્ટર દ્વારા વાસણ સીધા આવ્યા હતા.

આ પછી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા મોટર માર્ગે બાપુ નોલેજ સીટી ખાતે આવ્યા હતા.

કાર્યક્રમ નિયત સમય કરતાં મોડો શરૂ થવાને લઈ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પ્રવચનના પ્રારંભમાં જ ખેદ વ્યક્ત કર્યો હતો. જ્યારે શંકરસિંહ વાઘેલાએ પણ બનેલી હકીકતો જણાવી સૌની ક્ષમાયાચના માંગી હતી.

# શહેરના બજારોમાં દિવાળીની ઘરાકી ખુલી




ગાંધીનગર, તા.૨૩

હર્ષ અને ઉલ્લાસના પર્વ દિપાવલીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના બજારોમાં ભારે મંદી બાદ આજથી ઘરાકી ખુલવા પામી છે. શનિ-રવિની રજામાં સેકટર-૭, ૨૧ અને ૨૪ના સહિતના બજારોમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. દિપાવલીના તહેવારને અનુલક્ષીને જીવન જરુરી ચીજવસ્તુઓની સાથોસાથ કાપડ, શૂઝ, જવેલર્સ, આધુનિક ઉપકરણો સહિત મીઠાઈની દુકાનોમાં ગ્રાહકોની ભારે અવર-જવર જોવા મળી હતી. બજારમાં આવેલ વિવિધ ચીજવસ્તુની દુકાનોમાં ગ્રાહકોની લાંબી કતારો લાગી હતી. શહેરની બજારોમાં આવો માનવ મહેરામણ અકબંધ રહે તેવી આશા રાખીને વેપારીઓ બેઠા છે. ત્યારે બજારોમાં દિવાળીની ઘરાકી ખુલતા વેપારીઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

ગાંધીનગર શહેરમાં નવરાત્રી બાદ દિવાળીનું કાઉન્ટ ડાઉનનો પ્રારંભ થઈ જાય છે. પરંતુ આ વર્ષે મંદિની બુમરાણ વચ્ચે વેપારીઓ છેલ્લા ૧૨ દિવસથી ઘરાકી વિનાના બેસીને દુકાનોમાં ટાઈમ પાસ કરી રહ્યા હતા. શહેરના મુખ્ય બજારોમાં જોઈએ તેવી ઘરાકી ન ખુલતા વેપારીઓ પણ ચિંતિત નજરે પડતા હતા. ત્યારે દિવાળીનો તહેવાર પણ આખર તારીખમાં હોવાથી જોઈએ તેવી ઘરાકી બજારમાં જામતી નથી. દિવાળી પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે શનિ અને રવિવારની રજા હોવાથી નાગરીકો મોટીસંખ્યામાં બજારોમાં વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરવા નીકળતા બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. નગરના સેકટર-૭, ૨૧, ૨૨ અને ૨૪ સહિત મીના બજાર પણ ગ્રાહકોથી ઉભરાતું હતું. શહેરના કાપડ, શૂઝ, જવેલર્સ, મીઠાઈ, ફરસાણ, ઈલેકટ્રીકલ, ઈલેકટ્રોનીકસ સહિત ફર્નીચર અને ઘરમાં જીવન જરુરી ચીજવસ્તુની દિપાવલીના પાવન પર્વમાં ખરીદી કરવા નગરજનો નીકળતા બજારોમાં હૈયેથી હૈયુ દળાય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.બજારમાં આવેલ દરેક દુકાનમાં ખરીદી માટે ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી હતી. ત્યારે આગામી સમયમાં પણ બજાર રાત દિવસ આવુ ધમધમતુ રહે તેવી અપેક્ષા વેપારીઓ રાખીને બેઠા છે. દિવાળી આવતા બજારમાં રોનક આવતા વેપારીઓમાં પણ ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

### ગીફ્ટ બોક્સની બોલબાલા

શહેરના બજારોમાં આવેલ મીઠાઈની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી. દિપાવલીના તહેવારમાં ડ્રાયફ્રુટ, માવાની મીઠાઈ, ચોકલેટ, બિસ્કીટ સહિતની ચીજવસ્તુ ગીફ્ટ પેકમાં ઉપલબ્ધ છે. પરંતુ ગીફ્ટ પેકમાં પણ આ વર્ષે આકર્ષક વિવિધ ટ્રે, બાસ્કેટ, મીનાકળી, ઓક્સોડાઈસ અને હેન્ડીક્રાફ્ટની સુંદર સજાવટથી તૈયાર કરવામાં આવેલ ટ્રે તેમજ ટોપલીનો સમાવેશ થાય છે. ત્યારે બજારમાં મીઠાઈ હોય કે ડ્રાયફ્રુટનું તૈયાર ગીફ્ટપેક ગ્રાહકો સૌથી વધુ રૂ.૫૦૦ થી ૨૦૦૦ સુધીના પેંકીંગ સૌથી વધુ વેચાય છે.

## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. તા. ૨૪/૯/૨૦૧૬
અમારા પરિવાર ભીષ્મ પિતામહ
**સ્વ. રમેશચંદ્ર ભુલારામ રાવલ**
(ઈસનપુર મોટા)

પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ હતી,
પુરુષાર્થ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભક્તિ હતી
*એવા પુણ્યશાળી આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ પ્રાર્થના.*

લિ.
ગં.સ્વ. શારદાબેન રમેશચંદ્ર રાવલ

| | |
|---|---|
| પંકજભાઈ આર. રાવલ | સુમિત્રાબેન પંકજભાઈ રાવલ |
| દિલિપભાઈ આર. રાવલ | ચારૂલતા દિલીપભાઈ રાવલ |
| હરેશભાઈ આર. રાવલ | અસ્મિતા હરેશભાઈ રાવલ |
| ગિરીશકુમાર એચ દવે (જમાઈ) | શોભનાબેન જી. દવે |
| હરેશકુમાર ટી. વ્યાસ (જમાઈ) | અંજનાબેન હરેશકુમાર વ્યાસ |
| કેયુર પી. રાવલ | કોમલ કે. રાવલ |
| વિવેક ડી. રાવલ | પ્રિતી વી. રાવલ |

હેત, ઈશિકા, જાનકી, રિધ્ધિ,
સમગ્ર રાવલ પરિવાર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ણી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com